# સાતમા વેચનપંચની રચનાને મંજુરી



## અશોકકુમાર માથુર પંચના ચેરમેન નિમાયા : ૫૦ લાખ કર્મીઓના પગારમાં સુધારા કરશે : બે વર્ષમાં અહેવાલ સુપ્રત કરશે : ૨૦૧૬થી ભલામણો અમલી

નવી દિલ્હી,તા. ૪ વડાપ્રધાન મનમોહનસિંહે આજે સાતમી કેન્દ્રિય વેતન પંચના સંદર્ભમાં મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. સાતમાં વેતનપંચની રચનાને લીલીઝંડી આપી દેવામાં આવી છે. સાતમા વેતનપંચ દ્વારા કેન્દ્ર સરકારના ૫૦ લાખ કર્મચારીઓના પગારમાં જરૂરી સુધારા કરવામાં આવનાર છે. વડાપ્રધાને સાતમાં કેન્દ્રિય વેતનપંચની રચનાને લીલીઝંડી આપી દીધા હોવાનો દાવો નાણાંમંત્રાલય દ્વારા એક નિવેદનમાં કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટીસ અશોકકુમાર માથુર આ કમિશનના ચેરમેન તરીકે રહેશે. જ્યારે ફુલ ટાઈમ મેમ્બર તરીકે ઓઈલ સેક્રેટરી વિવેકરાય રહેશે. પાર્ટટાઈમ સભ્ય તરીકે રાથિન રોય (એનાઈપીએફપી ડિરેક્ટર) રહેશે. આવી જ રીતે તેના સેક્રેટરી તરીકે મીના અગ્રવાલ રહેશે. સપ્ટેમ્બર ૨૦૧૩માં વડાપ્રધાને સાતમા વેતનપંચની રચનાને લીલીઝંડી આપી હતી. આ કમિશનને બે વર્ષની અંદર તેનો અહેવાલ સોંપવા માટે કહેવામાં આવ્યુ છે. તેની ભલામણોને પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી અમલી બનાવામાં આવનાર છે. કમિશનની રચનાને લઈને ઘણી ચર્ચા ચાલી હતી. આ પંચની ભલામણથી ૫૦ લાખ કર્મચારીઓને લાભ થશે જેમાં સંરક્ષણ અને રેલવેનો સમાવશ થાય છે. આ ઉપરાંત ૩૦ લાખ પેન્શનરોને પણ ફાયદો થશે. સામાન્ય ચૂંટણી નજીક છે ત્યારે આજે આની રચનાને મંજુરી અપાઈ હતી.


આપણું પોતાનું અખબાર

સ્મિત વિનાના સાધુનો ભરોસો ન કરશો
- હરકિસન મહેતા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૨૪ | ૫ ફેબ્રુઆરી, ૨૦૧૪, બુધવાર; મહા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

### જયલલિતા ત્રીજા મોરચાના નેતા બનશે



દક્ષિણ ભારતમાં તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ નવો રાજકીય મોર્ચો ખોલી દેશના રાજકારણમાં ભારે હલચલ મચાવી છે. ત્રીજા મોરચા માટે સક્રિય સામ્યવાદી પક્ષોએ જયલલિતા સાથે સમજુતી કરી લીધી છે. ૧૪ પ્રાદેશિક પક્ષો અને ડાબેરી મોરચો મળી આગામી દિવસોમાં જયલિતાના નેતૃત્વમાં ત્રીજા મોરચાની વિધિવત જાહેરાત કરશે.

### આરએસઓના સુપ્રિમો ભાગવત આજે ગુજરાતમાં

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત પાંચમી ફેબ્રુઆરીએ રાજયસભાના નવનિર્વાચિત સદસ્ય શંભુનાથ ટુંડીયાના પરિવાર ખાતે લગ્નમાં હાજરી આપવા



સુરેન્દ્રનગરના દસાડા ખાતે આવી રહ્યા છે. રાજકીય વર્તુળો મોહન ભાગવતના આગમનને જુદી રીતે મુલવી રહ્યા છે.

### સલમાનની જય હો... કરમુક્ત થશે

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે ઉંધીયા-જલેબીની મોજ તથા પતંગ ઉડાડવાની મજા બાદ હવે બાૅલીવુડ



અભિનેતા સલમાનખાનને તેનો અમદાવાદ પ્રવાસ ફળ્યો છે. સલ્લુની ફિલ્મ જય હો...ને આ સપ્તાહે જ કરમુકિત આપવામાં આવે તેવી શકયતા છે. અગાઉ ઉત્તરપ્રદેશમાં જય હો કરમુકત થઈ હતી.

### ફરી વેચાશે ગાંધીજીના વાસણો

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ વાપરેલા વાસણો અવારનવાર સમાચારોમાં ચમકી રહ્યા છે. મુંબઈ અને પુનામાં રહેલા પૂ. બાપુના વાસણો અમેરિકામાં વેચાણ અર્થે મુકવામાં આવશે. એક કંપની દ્વારા ગાંધીજીની એક ધાતુની વાટકી અને બે લાકડાની ચમચીની હરરાજી કરવામાં આવશે. સંસ્થા દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે આ વાસણનો ઉપયોગ ગાંધીજી દ્વારા પુનાના આગાખાન પેલેસ અને મુંબઈમાં સુમતિ મોરારજીના ઘરની મુલાકાત સમયે ઉપયોગમાં લેવામાં આવ્યા હતા.

### સુરતમાં એક મહિલાએ એક સાથે ૧૧ સંતાનોને જન્મ આપ્યો

સુરતના ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચ્યુરી હોસ્પિટલમાં એક મહિલાએ એક



સાથે ૧૧ બાળકોને જન્મ આપ્યો. તમામ બાળકો અને માતા તંદુરસ્ત હોવાનું તબીબોએ જણાવ્યું હતું.

# ન્યૂ ગાંધીનગરમાં ૨૬ સેકટરો બનશે

## ગુડાની પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૧૪નો માસ્ટર પ્લાન : ૨ હજાર કરોડ ખર્ચાશે : શહેરમાં દરેક નાગરિક પોતાના મકાનમાં વધારાનો માળ બાંધી શકશે : નાના પ્લોટધારકો ભેગા થઈ પાંચ માળ સુધીનું બાંધકામ કરી શકશે

## ગાંધીનગરનો નવો વિકાસ નકશો તૈયાર



ગાંધીનગર, તા.૪

ગાંધીનગરનો નવો વિકાસ નકશો તૈયાર કરી દેવાયો છે. વર્ષ ૨૦૨૪ સુધીના આ માસ્ટર પ્લાન અન્વયે અંદાજિત ૨ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગુડા તેમજ કોર્પોરેશન વિસ્તાર માટે પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરી દેવાઈ છે. સૂચિત જી.ડી.સી.આર. અન્વયે વાંધા સૂચનો મંગાવાશે. ત્યારબાદ સરકાર કક્ષાએ મોકલી જરુરી સુધારા વધારા પણ કરવામાં આવશે. નવી વિકાસ યોજના અન્વયે બાંધકામના નિયમો માટે સનદની જોગવાઈ લાગુ પડશે નહીં. જયારે આર્કિટેકચર કંટ્રોલ શીટ પણ હવે નાબૂદ થશે. દરેક નાગરિક હાલના મકાનમાં એક વધારાનો માલ કોઈ પણ ચાર્જ વગર બાંધી શકશે. આ ઉપરાંત રીડેવલપમેન્ટ પોલીસીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.વધુ રહેઠાણ માટે વધુ એફ.એમ.એલ. મળશે. આ અંતર્ગત નાના ત્રણ પ્લોટ ધારકો ભેગા થઈ લઘુત્તમ ૨૬૦ મીટરના વિસ્તારમાં પાંચ માળ સુધીનું બાંધકામ કરી શકશે. જેના પરિણામે પાર્કીંગની સમસ્યા પણ હલ થઈ શકશે. બિઝનેસ કોમ્પ્લેક્ષ પણ ૧૫ માળની ઊંચાઈ સુધીના બાંધી શકાશે. ગુડાની ટી.પી.


● અનુસંધાન પાન-૭ પર


### ૧૦ કી.મી.નો કોતર વિસ્તાર પણ વિકસાવાશે

ગાંધીનગર, તા. ૪

ગુડાની પુનરાવર્તિત વિકાસ યોજના અન્વયે શહેર અને ટી.પી. વિસ્તાર સહીત રીવર સાઈટને પણ ડેવલપ કરાશે. નદી કીનારે કોતરોની જાળવણી માટે કન્ઝર્વેશન ઓફ રેવાઈન્સ પ્રોજેક્ટનું કામ હાથ ધરાશે. ૧૦ કી.મી.ના કોતર વિસ્તારને વિકસાવવા બાંધકામને મંજુરી આપવામાં આવશે નહી. નદીના પટને પણ સાથે ડેવલપ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

### પાર્કીંગ સર્ટીફીકેટની યોજના પણ વિચારણા હેઠળ

હાલ વકરતી પાર્કીંગની સમસ્યાને ધ્યાને લઈને પણ નવતર આયોજન વિચારવામાં આવ્યું છે. વસતીની સાથે વાહનોની સંખ્યા વધતા ભાવિ સમયમાં વાહન પાર્કીંગનો પ્રશ્ન વધુ જટીલ બનશે જેને ધ્યાને લઈ કાર ખરીદી વેળાએ પાર્કીંગ સર્ટીફિકેટ પણ સંબંધિત ઓથોરીટી સમક્ષ રજૂ કરવું પડે તેવું આયોજન હાથ ધરાશે.

### બાંધકામના નિયમો માટે સનદ નહી જી.ડી.પી.આર.નો અમલ

ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં મકાનના બાંકામના નિયમો માટે હવે સનદની જોગવાઈ લાગુ પડશે નહી. પરંતુ જી.ડી.પી.આર. મુજબ અમલ કરવો પડશે. આર્કિટેક્ચર કંટ્રોલ શીટ હવે નાબૂદ થશે જ્યારે જી.ડી.પી.આર. મુજબ પ્રત્યેક નાગરિકે મકાન કેમ બાંધવું તે નક્કી કરાશે. જેના પરિણામે સ્પેસની સામે ફ્લોરીંગ પણ વધશે. સૂચિત જી.ટી.પી.આર.માં વાણિજ્ય હેતુ માટે ૧૮.૦ મી. રસ્તા પર ૪૫ મીટર સાઈટ સુધીનું બિલ્ડીંગ બાંધી શકાશે. ત્રણ મીટરના એક માળ મુજબ ૧૫ માળના બાંધકામ માટે મંજુરી અપાશે, જ્યારે રીડેવલપમેન્ટ પોલીસીના આયોજન અન્વયે વધુ રહેઠાણ ઉપલબ્ધ કરાવવા વધુ એફ.એસ.આઈ. મળશે. જેના લીધે નાગરિકોને ફ્રી હોલો પ્લીંથ પાર્કીંગ મળશે.

### ગુડાની પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના

- સ્વર્ણિમ પાર્કને કોરીડોર બનાવી ત્રીજા ઈન્સ્ટીટ્યુનલ કોર ઝોનનું આયોજન.
- ઈન્દ્રોડા પાર્કથી ગાંધીનગર સુધી બાયો ડાયવર્સિટી પાર્કનું આયોજન
- સાબરમતી નદીના વિકાસ માટે રીવર સાઈડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ.
- સે. ૧૮માં સેન્ટ્રલ પાર્કનું આયોજન, સરિતાઉદ્યાનનો પુનઃ વિકાસ.
- બાંધકામ નિયમો માટે સનદની જોગવાઈ લાગુ પડશે નહી. જી.ડી.સી.આર. મુજબ અમલ.
- દરેક નાગરિક વધારાનો માળ ચાર્જ વિના બાંધી શકશે.
- સે. ૩૦, ૨૪, ૬ અને ૩ ન્યૂમાં આર્થિક રીતે નબળા નાગરિકો માટે ૮ હજાર મકાનોનું આયોજન.
- ૧૮.૦ મી. રસ્તા પર વાણિજ્ય હેતુ માટે ૧૫ માળનું બિલ્ડીંગબાંધવાની જોગવાઈ.
- સે. ૬માં ફાર્મસી માર્કેટ તથા સે. ૩૦માં હોલસેલ એગ્રી પ્રોજેક્ટ માર્કેટ.
- શહેરના મુખ્ય પાંચ માર્ગો પર સાયકલ શેરીંગ પ્રોજેક્ટ.
- જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ઈલેક્ટ્રોનિક્સ હેતુ માટે વધુ એફ.એસ.આઈ.નું આયોજન.
- શૈક્ષણિક સુવિધાઓ માટે નવી પાંચ શાળા.
- ૧૩૫ ચો.મી. સુધીના ખાનગી પ્લોટ્સ માટે પુનઃ વિકાસ નીતિ ૨૬૦ ચો.મી. પ્લોટમાં પાંચ માળી સુધીના બાંધકામની જોગવાઈ.
- કોર્પોરેશન બહારના વિસ્તારમાં એફ.એસ.આઈ.માં વધારો.
- ૪૫ તળાવોને વિકસાવી પીકનીક સ્પોટ બનાવાશે.
- ઈસ્ટ ગાંધીનગરમાં ૨૬ સેક્ટરો બનશે.
- નદી પૂર્વ તરફ પાલજથી વલાદ સુધી ૧૧ કી.મી. લંબાઈના સેક્ટર ડેવલપમેન્ટનું આયોજન.
- ૨૦૦ હેક્ટર જમીન શૈક્ષણિક હેતુ માટે ઉપયોગમાં લેવાશે.

### શહેરના મુખ્યમાર્ગો પર અદ્યતન સાયકલો દોડતી જોવા મળશે

**ઘ, ચ, ગ, ખ અને છ માર્ગ પર ૬૨ કી.મી.ના રૂટમાં સાયકલ ટ્રેક બનશે : ૨૫ હજારની અદ્યતન સાયકલોના સ્ટેન્ડ માટે વિવિધ ૧૦ પોઈન્ટ ઉભા કરાશે**

ગાંધીનગર, તા. ૪

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડા વિસ્તાર ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં પણ સુઆયોજિત વિકાસ માટે નવતર કાર્યયોજનાઓ તૈયાર કરવામાં આવી છે. ગુડાના ચેરમેન અશોક ભાવસાર તેમજ મુખ્ય કારોબારી અધિકારી ડી તારાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે શહેરના ખ,ગ, ઘ, ચ અને છ માર્ગ પર અંદાજિત ૬૨ કી.મી. લંબાઈનો સાઈકલ ટ્રેક તૈયાર કરાશે. આ સાઈકલ શેરીંગ પ્રોજેક્ટ અન્વયે વિવિધ ૧૦ પોઈન્ટ ઉભા કરવામાં આવશે. રજીસ્ટ્રેશન પદ્ધતિના આધારે સાયકલ આપવામાં આવશે. સાઈકલીસ્ટ નિયત સ્ટેન્ડ પર સાઈકલ મુકીને જઈ શકશે. આ માટે અદ્યતન સાયકલ પણ વસાવવામાં આવશે. એક સાયકલની કિંમત રૂ. ૨૦થી ૨૫ હજારની હશે. જી.પી.આર.એસ. સિસ્ટમ મુજબ ટ્રેક પર દોડતી સાયકલોનું લોકેશન પણ જાણી શકાશે. જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપે પણ જણાવ્યું હતું કે શહેરમાં વસતીના પ્રમાણમાં અકસ્માતોની સંખ્યા વધી રહી છે. ત્યારે પ્રદુષણ અટકાવવાના અભિગમ સાથે આ ટ્રેક બનાવાશે. સાયકલ ટ્રેકના નિર્માણ પાછળ રૂ. ૧૬ કરોડનો ખર્ચ થાય તેવી સંભાવના છે. જ્યારે આગામી એક વર્ષમાં પ્રોજેક્ટનો અમલ થઈ જશે તેવી તૈયારી પણ ગુડાના તંત્રએ દાખવી છે. આ ઉપરાંત શહેરમાં બેફામ દોડતા વાહનોને ધ્યાને લઈ માર્ગ ઓળંગવા માટે ફૂટ ઓવરબ્રિજ બનાવવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. સાઈકલ શેરીંગ પ્રોજેક્ટ અન્વયે નિયત પોઈન્ટથી સાઈકલ પીકઅપ કરી અન્ય પોઈન્ટ પર સ્ટેન્ડ કરી દેવાની રહેશે.

## મહારાષ્ટ્રમાં ગુજરાતી યાત્રીઓને અકસ્માત નડ્યો : ૧૦ના મોત

**સતારાથી મુંબઈ થઈ ગુજરાત આવતી બસને અકસ્માત નડ્યો મૃતકો પૈકી હાલમાં છના નામ સપાટી પર આવ્યા**

સતારા,તા. ૪

મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ખાંડલા તાલુકામાં એક ખાનગી બસ ખાડામાં પડી જતા ૧૦ લોકોના મોત થઈ ગયા છે અને ૩૦ લોકો ઘાયલ થયા છે. આ બસમાં ગુજરાતના પ્રવાસીઓ હતા. ઈજાગ્રસ્તોને ખાંડલા અને શિરવાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગયા મહિને આ જ પ્રકારની અન્ય દુર્ઘટનામાં નવ લોકોના મોત થયા હતા. પૂણેના સતારાથી મુંબઈ થઈને ગુજરાત તરફ આવી રહેલી આ બસ ખંડાલાના ખંબકતી ઘાટ નજીક ૩૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબકી ગઈ હતી જેમાં ૧૦ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. સોમવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. તમામ લોકો ગુજરાતી હોવાનું પ્રાથમિકરીતે જાણવા મળ્યુ છે. બસમાં મુસાફરી કરી રહેલા અન્ય ૪૦ મુસાફરો ઘાયલ થયા છે જે પૈકી છ ગુજરાતી લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બસમાં ૪૦ મુસાફરો ગુજરાતના પોરબંદરના અને ૧૦ મુંબઈના હોવાનું જાણવા મળ્યુ છે. અકસ્માતની જાણકારી થતાની સાથે જ પરિવારના સભ્યોમાં આઘાતનું મોજુ ફરી વળ્યુ હતુ. અકસ્માતમાં સાત મહિલા સહિત ૧૦ લોકોના મોત થયા છે. ધાર્મિક સ્થળ તિરુપતી બાલાજીના પ્રવાસે જઈએ આ લોકો પરત આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યુ છે.


● અનુસંધાન પાન-૭ પર


## ભોગ બનેલ ગુજરાતીઓ પ્રત્યે સંવેદના પ્રગટ કરાઈ

## મુખ્યમંત્રી મોદીની મૃતક લોકોને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૪

પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુએ આજરોજ મહારાષ્ટ્રના પૂણે નજીક સતારા રોડ પર યાત્રાળુઓની બસ ખીણમાં ધસી પડતા દુર્ઘટનાનો ભોગ બનેલા ૧૦ ગુજરાતીઓ પ્રત્યે સંવેદના પ્રગટ કરતા જણાવ્યું હતું કે, આ ગોઝારા અકસ્માતમાં પોરબંદર રહેવાસીઓ કાળનો ભોગ બન્યા છે. પ્રદેશ ભાજપ સહિત સમગ્ર ગુજરાત આ વિપદાનું ઊંડુ દુઃખ અનુભવી રહ્યું છે. ફળદુએ આ કારમી ઘડીએ સમગ્ર


● અનુસંધાન પાન-૭ પર



જોઈએ છે

હાઉસકીપીંગ-સાફ સફાઈ ના કામ માટે લેડીઝ / જેન્ટસ. તેમજ મેનપાવર કોન્ટ્રાકટર અમદાવાદ ગાંધીનગર માટે.

સંપર્ક:SF-3, મલક કોમ્પલેક્ષ, લોહા ભવનની સામે, જુની હાઈકોર્ટ પાસે, ઈન્કમટેક્ષ, અમદાવાદ.

9328806500 - 079 - 65101144
career@technodot.in

ગાંધીનગર ખ્રિસ્તી જાગૃતિ સભા

તારીખ : ૭, ૮, ૯ ફેબ્રુઆરી, ૨૦૧૪, શુક્રવાર, શનિવાર, રવિવાર
સમય : સાંજે ૬-૩૦ થી રાત્રે ૯-૦૦

વક્તા : પાસ્ટર અનુપ ફિલીપ

સ્થળ : પ્લોટ નં. ૧૧, ગવર્મેન્ટ પોલીકેટનીકની સામે, રેલવે ક્રોસીંગ પાસે, કોલવડા રોડ, સેક્ટર-૨૫, ગાંધીનગર

- શનિવારે વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રાર્થના કરવામાં આવશે. જેઓ પરીક્ષા આપનાર છે ખાસ ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨.
- બિમાર લોકો માટે દરરોજ ખાસ પ્રાર્થના કરવામાં આવશે.

વધુ માહિતી માટે

પાસ્ટર રમેશ ૯૯૧૩૬ ૮૧૨૭૩ | પાસ્ટર સામ જોશુવા ૯૪૨૭૪ ૪૫૯૩૬ | પાસ્ટર રેફ્રી ૯૭૨૩૦ ૭૬૬૧૨

WORLD BIG Cinemas




R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj

Jai Ho (U/A) - 10.30 am, 12 noon, 1.30, 3.00, 4.30, 6.00, 7.30, 9.00 & 10.30 pm

*schedule subject to change

telebooking 09377458281
www.bigcinemas.com facebook.com/BigCinemasIndia

"कर भला होगा भला"

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

(ગુજરાત રાજ્ય એક્ટ નંબર : 21, 2007 હેઠળ સ્થાપિત અને UGC માન્ય યુનિવર્સિટી)

બી.એડ. અભ્યાસક્રમ માટે પ્રવેશ જાહેરાત : ૨૦૧૪-૧૫

ઈ.સ. ૧૯૧૯માં સ્થાપિત સર્વ વિદ્યાલય કેળવણ મંડળ સાચિલત સંસ્થાઓમાં હાલ ૫૦,૦૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. NCTE માન્ય સ્વનિર્ભર બી.એડ્ કોલેજોમાં પ્રવેશ અર્થે અરજીપત્રક મંગાવવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

NCTE માન્ય બી.એડ. કોલેજોના નામ

- એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન (NAAC Accredited)
- આર.એચ. પટેલ ઈંગ્લીશ મિડીયમ બી.એડ. કોલેજ (NAAC Accredited)
- સુરજબા કોલેજ ઓફ એજ્યુકેશન ફોર વિમેન (NAAC Accredited)
- એસ.વી. કોલેજ ઓફ એજ્યુકેશન (NAAC Accredited)

અરજીપત્રક જમા કરાવવા અંગે : ભરાયેલા અરજીપત્રક તા. 5-3-2014 સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂમાં અથવા રજીસ્ટર્ડ એડી દ્વારા અથવા ફોર્મ ડાઉનલોડ કરેલ હોય તો Registrar "Kadi Sarva Vishwavidyalaya" Payable at Gandhinagar ના નામે રૂા. 200/- DD અરજીપત્રક સાથે નીચેના સરનામે મોકલવાનો રહેશે.

લઘુત્તમ લાયકાત : UGC માન્ય કોઈપણ યુનિવર્સિટીની સ્નાતક / અનુસ્નાતક પરીક્ષામાં ઓછામાં ઓછા 50% ગુણ (SC / ST / SEBC માટે 45% ગુણ) મેળવી પાસ થનાર પ્રવેશ માટે લાયક ગણાશે. ચાલુ વર્ષે સ્નાતક / અનુસ્નાતક ના છેલ્લા વર્ષની પરીક્ષા આપનાર ઉમેદવાર પણ અરજી કરી શકશે.

વિષય : અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, પોલીટીકલ સાયન્સ, સોસીયોલોજી, સાઈકોલોજી, અર્થશાસ્ત્ર, ફીલોસોફી, હોમ સાયન્સ, એકાઉન્ટ, કોમર્સ, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત, કમ્પ્યુટર સાયન્સ.

સરનામુ : એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, સર્વ વિદ્યાલય કેમ્પસ (કડી સ્કૂલ) ઘ-6, સેક્ટર-23, ગાંધીનગર-382023.
Ph. : 09428000783, 09427531138, 09879985812, 09825975809, 079-23244181, 079-23248131

વધુ વિગત અરજીપત્રક સાથે સામેલ છે.
ફોર્મ ડાઉનલોડ કરવા માટે : www.ksvuniversity.org.in

M.Ed. પ્રવેશ માટે સંપર્ક : 9377149258, 9898340340, 9979094747

રજીસ્ટ્રાર, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર